## –:: પ્રેસનોટ ::–

નાબાર્ડ, બનાસકાઠાં અને સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના સંયુકત ઉપક્રમે તા.૧૭/૩/૨૦૧૭ ના રોજ સરદાર સ્મૃતિ કેન્દ્ર, સરદારકૃષિનગર ખાતે માન. પ્રધાન મંત્રીશ્રીના આહવાનને અન્વયે લઈ ખેડૂતોની આવક બમણી કરવા માટે એક દિવસીય કાર્યશાળાનું આયોજન કરવામાં આવેલ જેમાં અંદાજિત ૩૫ ખેડૂતો તેમજ ૨૦ જેટલા સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રતિનિધિ, વિકાસ વિભાગોના અધિકારીશ્રીઓ અને વૈજ્ઞાનિકશ્રીઓ ઉપસ્થિત રહેલ.

આ પ્રસંગે પ્રો (ડૉ.) અશોક પટેલ, માન. કુલપતિશ્રીએ અધ્યક્ષ સ્થાનેથી સંબોધન કરતાં જણાવેલ કે પાક ઉત્પાદન ખર્ચમાં ઘટાડો, સંશોધન ભલામણોનો અમલ અને ખેત પેદાશોની મૂલ્યવૃધ્ધિ કરવામાં આવે તો કૃષિ આવકમાં અચૂક વધારો થઈ શકે. આ માટે ખેડૂતોને કૃષિ વૈજ્ઞાનિકો સાથે સીધો સંપર્ક કરવા અનુરોધ કરેલ. આ પ્રસંગે અતિથિ વિશેષ પદે ઉપસ્થિત નાબારર્ડના જનરલ મેનેજર(ગુજરાત), શ્રી એસ.બી.જોન્સને ખેડૂતોને કેન્દ્ર/ રાજય સરકારશ્રીની વિવિધ યોજનાઓનો લાભ લેવા, સૂક્ષ્મ પિયત પદ્ધતિ અપનાવવા તેમજ વધુ આવક આપતા પાકોની ખેતી કરવા તરફ વળવા અનુરોધ કરેલ. આ પ્રસંગે સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકશ્રીઓ, ડૉ.કે.એ.ઠકકર, ડૉ.કે.બી.પ્રજાપતિ, ડૉ.પી.એચ.પટેલ, ડૉ.પીયુસ વર્મા, વગેરે એ હાજર રહી ખેડૂતોને કૃષિ અને સંલગ્ન વિષયક માર્ગદર્શન પુરું પાડેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી રમેશ મલ્લેચેરી, મદદનીશ જનરલ મેનેજર, બનાસકાઠાંએ કરેલ. આ પ્રસંગે પદ્મશ્રી ગેનાજી દરગાજી પટેલનું પણ સન્માન કરવામાં આવેલ.

---

જા.નં.સદાંકૃયુ/વિશિનિ/સ.સ્મૃકે./૧૭૮૦-૮૫/૨૦૧૭ તા.૨૨/૩/૨૦૧૭

વિસ્તરણ શિક્ષણ નિયામક

પ્રતિશ્રી,

૧. માહિતી નિયામકશ્રી, માહિતી નિયામકશ્રીની કચેરી, ઈદગાહ રોડ, પાલનપુર
૨. તંત્રીશ્રી, સંદેશ દૈનિક સમાચારપત્ર,૨૧, શ્રી કૃષ્ણ કોપ્લેક્ષ, પીંપળાવાળી બિલ્ડીંગ, દિલ્હીગેટ, પાલનપુર
૩. તંત્રીશ્રી, ગુજરાત સમાચારપત્ર, ૧૧૪–૧૧૫ જી.આઈ.ડી.સી., એસ્ટેટ, મહેસાણા હાઈવે, મહેસાણા
૪. તંત્રીશ્રી, રખેવાળ દૈનિક સમાચારપત્ર, પોસ્ટ બોક્ષ નં.૧ માનવ મંદિર, ડીસા
૫. નિયામકશ્રી, ઈન્ફોરમેશન ટેલકનોલોજી સેન્ટર, સ.દાં.કૃષિ યુનિવર્સિટી, સરદારકૃષિનગર તરફ સ.દાં.કૃષિ યુનિવર્સિટીની વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવા સારૂ.
૬.માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી,સ.દાં.કૃષિ યુનિવર્સિટી, સરદારકૃષિનગર

આપના સમાચાર પત્રમાં વિનામુલ્યે ખેડૂતોના હિતાર્થે બહોળી પ્રસિધ્ધિ માટે પ્રસિધ્ધ કરવા વિનંતી સહ.






ON 17th MARCH 2017 at
Dr.K.A.Thakkar
Samuel Johnson